# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## ક્રમાંક: વિશેષ શાખા/એ સેકશન/ડ્રોન/ ૧૫/૨૦૧૬

અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઇટલ ઇન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, વી.વી.આઇ.પી./ વી.આઇ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન અથવા એરીયલ મીસાઇલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો ગેરલાભ લઇ અમદાવાદ શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતાં નકારી શકાય નહી. આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતાં રહેલી છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાયદા અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨ ની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર વિસ્તારમાં રીમોટથી ચલાવાતાં ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરતાં એરીયલ મીસાઇલ કે પારાગ્લાઇડર રીમોટ કંટ્રોલ, માઇક્રો લાઇટ એર ક્રાફટ ચલાવવાનો મનાઇ હુકમ કરૂ છું.

પોલીસ ખાતાના રિમોટ કંટ્રોલ માઇક્રો લાઇટ એર ક્રાફ્ટને આ જાહેરનામાંમાંથી મુક્તિ આપુ છું.

આ હુકમ તા.૧૮/૦૩/૧૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૬/૦૫/૨૦૧૬ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને.-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેંદ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાયથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૯ -માર્ચ-૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર